# ૨. ભાવ - નગર

**ભગીરથ બ્રહ્મભટ્ટ**

તેમનો જન્મ ૫ જાન્યુઆરી, ૧૯૫૪ના રોજ ગાંધીનગર જિલ્લામાં આવેલા નાદરી ગામે થયો છે. તેઓ વલ્લભ-વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યાપક અને અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે. 'સ્મૃતિ કળશ', 'શબ્દના સગપણ', 'અક્ષરનાં અજવાળાં', 'પ્રકૃતિ પર્વ', 'ક્ષણનો ઝરૂખો', 'નાઇટલૅમ્પ', મધ્યકાલીન ગુજરાતી કવિતાનો વૈભવ જેવા અનુવાદ, કવિતા, નિબંધ, લઘુકથા, વાર્તા અને સંપાદિત પુસ્તકો તેમણે આપ્યા છે. ગુજરાતી સાહિત્ય અકાદમીનું પારિતોષિક તથા ૨૦૦૮નો કુમારચંદ્રક તેમને મળ્યો છે.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત કૃતિ પિતા-પુત્રીની લાગણી દર્શાવતી લઘુકથા છે. સામાન્ય ઘરકામ કરનાર મહેનતુ અને કામઢી પુત્રી તેમજ તેના મહેનતુ, પ્રામાણિક અને લાગણીશીલ પિતાના પ્રેમનું સુંદર અને સચોટ શૈલીમાં આલેખન કરવામાં આવ્યું છે. બાપ-દીકરી બન્ને મજૂરી કરીને ગુજરાન ચલાવે છે પણ આ મજૂરીની વાત એકબીજાને જાણ ન થાય તેની પૂરી તકેદારી રાખે છે. લાગણીથી છલકતા પિતા-પુત્રીના હૃદયના ભાવને લેખકના સરળ શબ્દો વાચા આપે છે. તળપદા શબ્દોને કારણે તેમાં મીઠાશ ઉમેરાય છે જે વાર્તાને માણવાલાયક બનાવે છે. બન્નેનો એકબીજા પ્રત્યેનો અનન્ય પ્રેમ સુંદર ચિત્ર ખડું કરે છે.

રજાનો દિવસ હતો. હું મારી રૂમમાં સ્હેજ આડો પડેલો. પંખો ધીમે ધીમે ચાલતો હતો. એટલામાં બારણું ખખડ્યું.

'કોણ ?' મેં પૂછ્યું.

'એ તો હું ખુડી.'

'ખુલ્લું જ છે આવ ને !'


સ્મિતાળવી ખુડી હળવેથી બારણું ખોલી, ત્યાં જ થોભી. ખુડી એ મારી કામવાળી. ખૂબ નિયમિત, પ્રામાણિક, કામઢી. દેખાવે શ્યામ પણ ચોખ્ખી. કામ સિવાય ઊંચે નજરેય ના કરે એટલી શરમાળ. હું સ્હેજ ચોંક્યો. એ ધીમે અવાજે નીચું જોઈને બોલી :

'શેઠ, તમે કાલે ભાવનગર જવાના ?'

'હા, તને કોણે કહ્યું ?'

'એ તો તમે જ હેઠળ પે.... લા ધોબીને ન્હોતા કહેતા...'

'તે તારે ભાવનગરનું શું કામ પડ્યું ?' મેં પૂછ્યું.



‘શેઠ, એ તો છે ને મારા બાપાને હારુ એક શાલ મોકલાવવી છે...’ એ સંકોચાતાં સંકોચાતાં બોલી.

‘શું નામ તારા બાપાનું ? ભાવનગરમાં ક્યાં રહે છે ?’

‘એ તો શેઠ ખોડિયાર રસ્તો કોઈ ઝૂંપડાવાળાને કહેશો ને કે ભૈ ‘ભગો મારવાડી’ એટલે આખો મલક ઓળખશે.’

મેં કહ્યું, ‘સારું.’

પછી મારા હાથમાં ભરત ભરેલી શાલ હેતપૂર્વક આપતાં કહેવા લાગી : ‘આ પેલા માસ્તર કાશ્મીરથી લાયેલા તે જે દિવારી બુનસમાં આલેલી. મારો બાપ બચારો ટાઢમાં ઓઢશે.’ કહેતાં કહેતાં, વેદનાશીલ વદને એ ગઈ.

વળી થોડી વારે, પાછી આવી મને કહેવા લાગી – ‘અને શેઠ, મું તમારે ઘેર કોંમ કરું છું એ વાત ઈમને નો કરતા હોં !’ કરુણાપૂર્વક બોલી.

અભ્યાસકાળ પછી ખાસ મળાયું જ ન્હોતું એટલે ભાવનગરમાં મિત્રને ત્યાં જ ઊતર્યો. ચા પાણી કર્યાં. વાતમાંથી વાત નીકળતાં જ મેં પૂછ્યું, ‘ઘણા વખતે મળ્યા, નહિ ?’ એણે આંખોથી આખો અતીત ઉકેલ્યો.

પછી મેં પૂછ્યું.

‘અહીંથી ખોડિયાર કેટલે ?’

‘કેમ દરશન કરવા જવું છે ?’

‘ના ભૈ ! એક સંપેતરું છે ?’

‘કોનું ?’ મિત્રે જિજ્ઞાસાથી પૂછ્યું.

મેં કહ્યું : ‘તમે ભગો મારવાડી કરીને કોઈ છે એને ઓળખો ?’ મિત્ર હસવા લાગ્યો. મેં કહ્યું : ‘કેમ હસવું આવ્યું ?’

‘ભૈ, ભગા મારવાડીને કોણ ના ઓળખે ? એ ભલો ને એનું કામ ભલું. સિતેર વરહ થયાં હશે પણ ભાયડો કૈં મહેનત કરે છે કૈં મહેનત... એ તો આપણો માળી છે !’

એટલામાં જ ભગો મારવાડી દેખાયો. હાડકાંનો માળો કેડેથી વળેલો. વધી ગયેલી દાઢી. હું જોઈ રહ્યો.

મિત્ર બોલ્યો : 'અલ્યા, તારી દીકરીએ શાલ મોકલી !'

એ રૂમમાં આવ્યો. પલાંઠી વાળીને બેઠો. બે હાથ જોડયાં. કેવી દયનીય મુદ્રા !! આંખોમાં ઝળઝળિયાં !! શાલ હાથમાં લેતાં એના હાથ ધ્રૂજતા હતા. પાંપણો ઝૂકી ગઈ હતી. વળી પાછો પૂછવા લાગ્યો.

'સાયેબ મારી ખુડી હેમખેમ તો સે ને ?' 'હા હા મજામાં' હું કહેતો રહ્યો. એણે ખુડી વિશે, એના દારૂડિયા પતિ વિશે મારી પાસેથી જાણવા ઘણી કોશિશ કરી. મેં સાચવી સાચવીને જ ઉત્તર આપ્યા. મિત્ર સાંભળી રહ્યો.

બીજે દિવસે સવારે હું નીકળવાનો હતો. એ ટાઈમસર આવી ગયો. મને એક પોટકી આપતાં નમ્રતાથી કહેવા લાગ્યો.

'સાયેબ, આ ખોડિયારમાનો પરસાદ મારી ખુડીને પોંચાડજો માતાજી તમારુંય ભલું...'

મેં પોટકી લીધી એણે મારી એટેચી લીધી. બસસ્ટેન્ડ સુધી વળાવવા આવ્યો. બસ ઊપડી એટલે હળવેથી કહે – 'સાયેબ, મારી ખુડીને મું મજૂરી કરું છું એ વાત ના કેંતા, નક્કામી ચન્ત્યા...' ને એનો ઊંચો થયેલો હાથ હું જોતો રહ્યો.

**અધ્યાપન સંકેત**

પ્રસ્તુત લઘુવાર્તાના અધ્યાપનની શરૂઆતમાં માતાપિતા અને સંતાનો વચ્ચેના મજબૂત અને નિ:સ્વાર્થ પ્રેમ બાબત ચર્ચા કરવી. માતા-પુત્ર અને પિતા-પુત્રી વચ્ચેના અતૂટ સ્નેહની વાત ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરવી. લઘુપ્રશ્નો પૂછીને વિષયવસ્તુ સમજાવવું. ભાવનગર અને ભાવ-નગરના તફાવત દ્વારા પાઠના શીર્ષકની યથાર્થતા સમજાવવી. પ્રસ્તુત વાર્તાના પિતા-પુત્રીના પાત્રોની નિખાલસતા, મૂક લાગણીને સરળ શબ્દોમાં વ્યક્ત કરવાનો પ્રયત્ન કરવો.

પુત્રીના શેઠ અને પિતાના શેઠના દિલની અમીરાત પણ વિદ્યાર્થીઓના ધ્યાનમાં લાવવી. સ્વાધ્યાયોના સ્વરૂપનો ખ્યાલ રાખી જરૂરી માહિતી આપવી.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દ માટે પાઠમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) કામગરી (૨) મુખાકૃતિ (૩) ઈમાનદાર (૪) ભૂતકાળ
(૫) પ્રયત્ન (૬) કમર (૭) માટે (૮) દરવાજો

**સ. ૨. નમૂના પ્રમાણે લખો : દા. ત. : મધરાત – મધ્યાહ્ન**

(૧) નિયમિત (૨) પ્રામાણિક (૩) શેઠ (૪) ઉત્તર (૫) શત્રુ (૬) વિનમ્ર

**સ. ૩. નીચેના શબ્દમાંથી અનેક અર્થપૂર્ણ શબ્દ બનાવો :** (૧) ભાવનગર (૨) અમદાવાદ

**સ. ૪. નીચેના તળપદા શબ્દો માટે માન્ય ભાષાના શબ્દ લખો : દા.ત. : બુનસ – બોનસ**

(૧) મું (૨) ઈમને (૩) ભૈ (૪) ભાયડો
(૫) સાયેબ (૬) ચન્ત્યા (૭) વરહ (૮) સે

**સ. ૫. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :**

(૧) કોઈને પહોંચાડવા માટે આપેલી વસ્તુ -
(૨) વસ્તુ ભેગી કરી કપડામાં બાંધેલી ગઠડી -
(૩) તરત શરમાઈ જાય તેવી વ્યક્તિ -
(૪) કપડાં ધોવાનો વ્યવસાય કરે તે -

**સ. ૬. પાઠમાં આવતા બે રૂઢિપ્રયોગ શોધો અને તેનો અર્થ લખો.**

**સ. ૭. ઓળખો :** (૧) દેખાવે શ્યામ, સ્વભાવે શરમાળ -
(૨) ખુડીના બાપા -
(૩) ભગા મારવાડીના શેઠ -
(૪) ભાવનગર મિત્રના ઘરે જનાર -

**સ. ૮. ખાલી જગ્યામાં ખુડી વિશે યોગ્ય શબ્દ લખીને પરિચ્છેદ પૂર્ણ કરો :**

સ્મિતાળવી ______ હળવેથી બારણું ખોલી, ત્યાં જ થોભી, ખુડી એ મારી ______ખૂબ ______, ____, ____ દેખાવે ______ પણ ___________ કામ સિવાય ઊંચે નજરેય ના કરે એટલી ___________.

**સ. ૯. પાઠના આધારે નીચેનાં વિધાનો પૂર્ણ કરો :**

(૧) શેઠ, તમે કાલે ___________
(૨) મારા બાપાના હારુ એક ___________
(૩) 'ભગો મારવાડી' એટલે___________
(૪) આ ખોડિયાર માતાનો પરસાદ _______
(૫) સાયેબ, મારી ખુડીને મું ___________
(૬) શાલ હાથમાં લેતાં ___________

**સ. ૧૦. પાઠના આધારે નીચેનાં વિધાનો પૂર્ણ કરો :**

(૧) મારા બાપાને હારુ _________________.
(અ) પૈસા મોકલવા છે (આ) શાલ મોકલવી છે (ઇ) મીઠાઈ મોકલવી છે

(૨) ભરત ભરેલી શાલ કાશ્મીરથી _________________.
(અ) માસ્તર લાવેલા (આ) શેઠ લાવેલા (ઇ) બાપા લાવેલા

(૩) શાલ લેતાં ભગા મારવાડીની આંખમાં પાણી આવી ગયાં કારણ કે_________________.
(અ) પ્રેમાળ દીકરીની યાદ આવી ગઈ (આ) તેને દીકરી-જમાઈ યાદ આવ્યા
(ઇ) શાલ ખૂબજ સુંદર હોવાથી ગમી ગઈ

**સ. ૧૧. પાઠના આધારે નીચેનાં વાક્યોને તેના ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો :**

(૧) ભગો મારવાડી શેઠને વળાવવા બસસ્ટેન્ડ સુધી ગયો.
(૨) ખુડીએ શેઠના હાથમાં શાલ આપી.
(૩) ખુડી શેઠના ઘરે આવી.
(૪) શેઠે ખુડીને તેના બાપાનું નામ પૂછ્યું.

**સ. ૧૨. ખુડીનો તેના પિતા પ્રત્યેનો પ્રેમ તમારા શબ્દોમાં વર્ણવો.**

**સ. ૧૩. નીચેના નામ સાથે પાઠમાં આવતા વિશેષણ શોધીને લખો :**

(૧) ________ખુડી
(૨) ________શાલ
(૩) ________વદન
(૪) ________મુદ્રા
(૫) ________ચિંતા
(૬) ________ભગો

સ. ૧૪. વચન બદલો :

(૧) બારણું (૨) મિત્ર (૩) પંખા (૪) આંખો

(૫) ઝૂંપડું (૬) દીકરીઓ (૭) સાહેબો (૮) પાંપણ

**સંભાષણ** ★ તમારી શાળાના સફાઈ કર્મચારીની કામગીરી બાબત વર્ગમાં સમૂહચર્ચા કરો.

**પ્રકલ્પ** ★ 'દીકરી મારી લાડકવાયી– લક્ષ્મીનો અવતાર' ગીત ઇન્ટરનેટની મદદથી મેળવો અને કાર્ડ પેપર પર લખીને ભીંતપત્રક બનાવો.

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### કેટલું મળ્યું ?

મેક્સિકોના એક પ્રદેશમાં ઠંડા અને ગરમ પાણીના ઝરા પાસે પાસે આવેલા છે. ત્યાંની સ્ત્રીઓ પોતાનાં કપડાં પહેલાં ઊકળતા પાણીના ઝરામાં બોળે છે અને પછી બાજુના ઠંડા પાણીમાં તારવીને નિચોવી નાખે છે. આવી સગવડ જોઈને ત્યાં ગયેલ એક પ્રવાસીએ કહ્યું : ''આવી સરસ કુદરતી સગવડ મળવાથી અહીંના લોકો ઈશ્વરનો આભાર માનતા હશે !''

'આભાર ?' ત્યાંના રહેવાસીએ સામે પ્રશ્ન કર્યો, 'અરે, અહીંના લોકો તો અફસોસ કરે છે કે ઝરામાં ગરમ પાણી તો છે પણ તે સાબુ કે સોડાવાળું નથી !'

કેટલાંક દુ:ખો આપણે પોતે ઊભા કરીએ છીએ. એમાંનું એક દુ:ખ આપણા અસંતોષનું છે.

સામાન્ય રીતે, માણસ પોતાને જે મળવું જોઈએ તે મળ્યું નથી, પોતાને કેટલો અન્યાય થયો છે એનો જ વિચાર કરે છે. આવા વિચારને કારણે તેનામાં અસંતોષ જન્મે છે અને અસંતોષમાંથી દુ:ખ જન્મે છે.

આવી રીતે વિચારનાર માણસને અન્યાય થયો હશે અને તેને કારણે તેને કેટલુંક ગુમાવવું પડ્યું હશે; પરંતુ તેને જે પ્રાપ્ત થયું છે તેમાં કેટલી બધી વ્યક્તિઓનો ફાળો છે, તેનો તેને વિચાર આવે છે ખરો ? આપણા જીવનની રચના એટલી અટપટી છે કે આપણે ગમે તેટલા શક્તિશાળી હોઈએ તોપણ આપણી પાસેનું બધું માત્ર આપણી શક્તિઓને કારણે જ પ્રાપ્ત થઈ શકે નહિ. કેટલી બધી વસ્તુઓ આપણને આપણા પૂર્વજો તરફથી વારસામાં મળેલી હોય છે ! કેટલું બધું મિત્રોને કારણે પ્રાપ્ત થયું હોય છે ! કેટલું દેશને કારણે, સમાજને કારણે, જાણીતા અને અજાણ્યા લોકોને કારણે આપણને મળ્યું હોય છે !

આપણે જે કાંઈ હોઈએ, જ્યાં હોઈએ, ત્યાં પહોંચવામાં કેટલી બધી વ્યક્તિઓનો ફાળો છે તેનો જો આપણે વિચાર કરીએ તો એમના તરફ આપણા મનમાં આભારની લાગણી ઉત્પન્ન થયા વિના રહે નહિ. જે માણસ બીજાના ઋણનો સ્વીકાર કરે છે, તે ઊંડા સુખ અને સંતોષની લાગણી અનુભવી શકે છે.

– મોહમ્મદ માંકડ

# સંધિ - (૧)

સંધિ

- સ્વર સંધિ
- વ્યંજન સંધિ

અહીં આપણે સ્વરસંધિ વિષે સમજીશું. જ્યારે સ્વરનું જોડાણ સંધિના નિયમ પ્રમાણે થાય ત્યારે તેને સ્વરસંધિ કહે છે.

દા.ત. : દેશ + અભિમાન = દેશાભિમાન ⟶ સરખી જાતિના સ્વરનું જોડાણ

પરમ + ઈશ્વર = પરમેશ્વર ⟶ જુદી જાતિના સ્વરનું જોડાણ.

મહત્ત્વની સ્વરસંધિ નીચે પ્રમાણે છે.

(અ) અ + અ = આ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | ભાવ + | અર્થ = | ભાવાર્થ | | (૨) | પર | + | અધીન = | પરાધીન |
| (૩) | સ્નેહ + | અધીન = | સ્નેહાધીન | | (૪) | વૃદ્ધ | + | અવસ્થા = | વૃદ્ધાવસ્થા |

(બ) આ + આ = આ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | મહા + | આત્મા = | મહાત્મા | | (૨) | તૃષા | + | આતુર = | તૃષાતુર |
| (૩) | ચિંતા + | આતુર = | ચિંતાતુર | | (૪) | મહા | + | આલય = | મહાલય |

(ક) ઇ + ઇ = ઈ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | રવિ + | ઇન્દ્ર = | રવીન્દ્ર | | (૨) | પરિ | + | ઇક્ષા = | પરીક્ષા |
| (૩) | યતિ + | ઇન્દ્ર = | યતીન્દ્ર | | (૪) | જતિ | + | ઇન્દ્ર = | જતીન્દ્ર |

(ડ) ઈ + ઈ = ઈ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | નારી + | ઈશ્વર = | નારીશ્વર | | (૨) | યોગી | + | ઈશ્વર = | યોગીશ્વર |
| (૩) | રજની + | ઈશ = | રજનીશ | | (૪) | પાર્વતી | + | ઈશ = | પાર્વતીશ |

(ઈ) ઉ + ઉ = ઊ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | ભાનુ + | ઉદય = | ભાનૂદય | | (૨) | ગુરુ | + | ઉત્તમ = | ગુરુત્તમ |
| (૩) | સુ + | ઉક્તિ = | સૂક્તિ | | (૪) | લઘુ | + | ઉત્તર = | લઘૂત્તર |

(ફ) ઊ + ઊ = ઊ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | વધૂ + | ઊર્મિ = | વધૂર્મિ | | (૨) | સિંધૂ | + | ઊર્મિ = | સિંધૂર્મિ |

8SQ28S

ભાગ્યના દ્વાર ખોલવા માટે મહેનતની ચાવી જ જોઈએ.